**DATE: 24/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-06**

# અંકલેશ્વરની અનમોલ એન્ટરપ્રાઈઝમાંથી 24 ડુપ્લીકેટ સેફ્ટી શુઝ ઝડપાયા, કોપીરાઈટનો ગુનો નોંધાયો

ભરૂચ,અંકલેશ્વરઃ અંકલેશ્વરના અનમોલ એન્ટરપ્રાઇઝની દુકાનમાંથી 24 ડુપ્લીકેટ શુઝ ટાઈગર કંપનીના ઝડપી પડાયા છે. અંકલેશ્વરના અનમોલ એન્ટરપ્રાઇઝની દુકાનના માલિક આસિફ ચોક્સી ટાઇગર કંપનીના નકલી શુઝ વેચતા હોવાની ફરિયાદના આધારે બી- ડિવિઝન શહેર પોલીસે દરોડા પાડ્યા હતા. જેમાં દુકાનમાં ગેરકાયદે રીતે ટાઈગર કંપનીના અલગ-અલગ સાઈઝના સેફ્ટી શુઝ મળી આવ્યા હતા. તમામ સેફ્ટી શુઝ ડુપ્લીકેટ હોવાનું જણાઈ આવ્યું હતું. 24 ડુપ્લીકેટ શુઝ કિંમત રૂ.14000નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે દુકાનદાર સામે કોપીરાઈટના ભંગનો ગુનો પણ દાખલ કર્યો છે.

**DATE: 24/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરમાં દારૂના ગુનામાં સંડોવાયેલો વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર તા. ૨૩

અંકલેશ્વર એ ડીવીઝન પોલીસ મથકના પ્રોહીબીશન એક્ટના ગુનામાં સંડોવાયેલ આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે પ્રોહીબીશન એક્ટના ગુનામાં સંડોવાયેલ આરોપી ભરૂચમાં ફરી રહ્યો છે.જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.રીક્ષા ચલાવતો ભરૂચના શેરપુરા રોડ ઉપર આવેલ હમઝા પાર્ક સોસાયટીમાં રહેતો આરોપી શેબાઝખાણ ઉર્ફે શેહબાઝ શબ્બીર મારવાડીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 24/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ટ્રક ચાલકને બેટરીના અજવાળે રોકી ઉતરી હાથ પગ બાંધી હત્યા કરી લૂંટ થઈ હતી

# 9 વર્ષ પહેલાં હાઈવે પર લૂંટ વિથ મર્ડરના કેસનો ફરાર આરોપી રાજસ્થાનથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વર્ષ 21 ઓક્ટોબર 2016 ના રોજ ટ્રક ડ્રાઈવર સર્વેશ કુમાર સિંહ ને વડોદરા થી પરત સુરત તરફ આવી રહ્યો હતો તે દરમિયાન આલ્કેમ કંપની માંડવા નજીક તેનો મૃતદેહ હાથ-પગ બાંધી હત્યા કરી લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જે અંગે શહેર પોલીસ મથકે હત્યાની ફરિયાદ નોંધાઈ હતી એ બાદ લૂંટ નો મામલો પણ સામે આવતા પોલીસ દ્વારા લૂંટ વિથ મર્ડર નો ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. દરમિયાન સમગ્ર લૂંટ વિથ મર્ડર ને કંજરગેગ એ અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું હતું. જેમાં અગાઉ ઝડપાયેલા 3 આરોપી ના નિવેદન ના આધારે પોલીસ તપાસ કરતા કંજર ગેંગ ના મુકેશ,અનિલ, તાતીયો અને દેવીલાલ સહીત અન્ય એક ઈસમે અંજામ આપી લૂંટ કરી હત્યા કરી ફરાર થઈ ગયા હતા.

જે પૈકી દેવીલાલ ઉર્ફે દેવા અમર હીરા કાલબેલિયા હજુ સુધી ફરાર હતો. શહેર પી.આઈ. પ્રગ્નેશ સિંહ ચાવડા ના માર્ગદર્શન હેઠળ ફરાર આરોપી ને ઝડપી પાડવા ની કવાયત શરુ કરી હતી. અને ટેક્નિકલ સર્વેલન્સ શરુ કરી હ્યુમન ઈન્ટેલ ટીમ એક્ટિવ કરી હતી. દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે દેવીલાલ રાજસ્થાન ના ભુરવાડા ખાતે છે. જે માહિતી આધારે પી.એસ. આઈ એમ.જી રાજપૂત અને ટીમ રાજસ્થાન પહોંચી હતી અને ચોક્કસ હ્યુમન ઈન્ટેલ આધારે દેવીલાલ ઉર્ફે દેવા કાલબેલિયા ને ઝડપી પાડ્યો હતો અને અંકલેશ્વર લઇ આવી હતી અને પૂછપરછ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કંજર ગેંગ અને તેને બીજી રીતે કાલબેલિયા ગેંગ તરીકે પણ પંકાયેલી હતી જે હાઈવે પર સ્ત્રી વેશ ધારક કરી વાહન ચાલકો રોકી લૂંટ ચલાવતી હતી તો અન્ય મોડ્સ ઓપરેન્ડી માં તેઓ વાહન ચાલકો પર અચાનક ટોર્ચ મારી તેમની આંખો આંજી દઈને વાહન થંભાવી દેતા હતા ને તેને રોકી લૂંટ કરી ફરાર થઇ જતા હતા. તે કેટલાક કિસ્સા માં વિક્ટિમ તાબે ના થતા તેની હત્યા પર કરી નાખતા હતા.

**DATE: 24/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-06**

# અંકલેશ્વર GIDCમાંથી 15.12 લાખના શંકાસ્પદ કોપર વાયરો સાથે બેની અટક



**પેટ્રોલિંગ** દરમિયાન 2520 કિલો કોપર વાયર ભરેલી બોલેરો કાર શંકાસ્પદ હાલતમાં ઝડપાતા પોલીસની કાર્યવાહી

ભરૂચઃ અંકલેશ્વર જીઆઈડીસીમાં 15.12 લાખની કિંમતના શંકાસ્પદ કોપર વાયર ભરેલી બોલેરોને પોલીસે ઝડપી પાડી અમદાવાદના બે આરોપીની ધરપકડ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વર GIDC પોલીસ પેટ્રોલિંગમાં હતી એ વખતે બાતમી મળી હતી કે અંકલેશ્વર GIDC એશિયન પેઈન્ટ ચોકડી ખાતે એક બોલરો પીક અપ નં-GJ-01,DX-7177માં શંકાસ્પદ કોપર વાયરો ભરેલા છે. પોલીસે રેડ કરીને બોલેરો ગાડીમાં બે ઈસમો પૈકી દીપક ઈશ્વરજી ઠાકોર (ઉ.વ.30 રહે-કોલસાનું ડેલું, દાદા હરીની વાવ નજીક, અસારવા, અમદાવાદ) અને વિશાલ રમેશભાઈ પટણી (ઉ.વ.30 રહે. પંજાબ સોસાયટી, તારવાળી ચાલ, સિવિલ હોસ્પિટલ પાસે શાહીબાગ, અમદાવાદ)ની અટક કરી હતી. બોલેરો ગાડીમાંથી 2520 કિલોગ્રામ કોપર વાયરો કિંમત રૂ.15,12,000/-, બોલેરો પીકઅપ ગાડી કિંમત રૂ.2 લાખ અને રૂ.2000/-નો મોબાઈલ મળીને કુલ રૂ.17,14,000/-ની મતાનો મુદ્દામાલ કબજે કરીને BNSS કલમ 35(1) ઈ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પોલીસે શરૂ કરી છે.

**DATE: 24/02/2025  CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત આયોજન

# નાટક- ડાન્સ, નુક્કડ નાટક કરી ટ્રાફિક નિયમન કરવા લોકોને જાગૃત કર્યા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત ભરૂચ આરટીઓ અને ટ્રાફિક વિભાગ થકી જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના માટે શાળાના બાળકો થકી રેલી તેમજ આરટીઓ અને ટ્રાફિક વિભાગ સહિત એનજીઓની બાઈક રેલી યોજવામાં આવી હતી. ત્યાર બાદ ગત રોજ કેજીએમ વિધાલય ખાતે રોડ સેફ્ટી અવરનેસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં અલગ અલગ સ્કૂલના વિદ્યાર્થીઓએ નાટક, ડાન્સ, કવ્વાલી તેમજ નુક્કડ નાટક કરી વિવિધ પ્રકારની કૃતિ રજૂ કરી જાહેર જનતાને માર્ગ સલામતી જાગૃતિ નો સંદેશ પહોંચાડવાની એક અનોખી પહેલ કરી હતી. જેમાં આરટીઓ અધિકારી મિતેશ બંગાલે, પીઆઈ બી.એલ. મહેરિયા, રોડ સેફ્ટી ટ્રેનર વર્ષા પરમાર સહિતના અધિકારીઓ અને શાળાના સ્ટાફ હાજર રહ્યા હતા. ઉલેખનીય છે કે, રોડ અકસ્માત ની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે તેને રોકવા માટે આરટીઓ અને ટ્રાફિક વિભાગો થકી લોકો ટ્રાફિક નિયમોનું પાલન કરે તે માટે વિવિધ પ્રવૃત્તિ થી લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

DATE: 25/02/2025 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

# કોસમડી નજીક દારૂ ભરેલી મોપેડ સાથે એકની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ની ટીમ અંકલેશ્વર ના કાપોદ્રા પાટિયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે સનાતન સ્કૂલ ની સામે એક ઈસમ જ્યુપિટર મોપેડ લઈ જાહેર માં ઈંગ્લીશ દારૂ નું વેચાણ કરી રહ્યો છે. જે માહિતી આધારે પોલીસે સર્ચ કરતા દઢાલ ગામ ખાતે સારથી રેસિડન્સીમાં રહેતા સતીષ ભુપેન્દ્રસિંહ રાજપૂત નામ નો ઈસમ જ્યુપીટર મોપેડ સાથે નજરે પડતા પોલીસે તેને કોર્ડન કરી અટકાવી ગાડી ની તલાસી લેતા અંદર થી બોટલો મળી હતી.

**DATE: 25/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# ભરૂચ નબીપુરમાં નોંધાયેલા દારૂના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

। ભરૂચ ।

ભરૂચ નબીપુરમાં નોંધાયેલા દારૂના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને એ. ડીવીઝન પોલીસ મથકના સ્ટાફે ઝડપી પાડયો હતો. પોલીસે તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ અર્થે નબીપુર પોલીસ સ્ટેશનમાં સોંપ્યો છે.

ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક ડો.એ.જે. સિસારાના માર્ગદર્શન આધારે બી.ડીવીઝન પીઆઈ વી.યુ.ગડરીયા દ્વારા ઉપરોક્ત સુચનાઓ તથા માર્ગદર્શન આધારે પ્રોહિબીશન અને જુગારની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ અટકાવવા તેમજ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલા જે આધારે પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના પોસઈ એ.વી. શિયાળીયાની ટીમે બાતમી આધારે નબીપુર પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં છેલ્લા ૧ વર્ષથી નાસતા ફરતા આરોપી રવિ રાવલને પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા નબીપુર પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો છે.

**DATE: 25/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-04**

### અંકલેશ્વરની એશિયન પેઇન્ટ ચોકડી પાસે પોલીસનું ચેકિંગ

# અમદાવાદના બે ઈસમો ટેમ્પોમાં 2 હજાર કિલો કોપર લઈ જતાં ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી,તે દરમિયાન માહિતી મળી હતી કે એક બોલેરો ટેમ્પો માં શંકાસ્પદ કોપર વાયરો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે.જે માહિતીને આધારે એશિયન પેઈન્ટ્સ ચોકડી પર પોલીસે વોચ ગોઠવી હતી.અને શંકાસ્પદ બોલેરો પીકઅપ આવતા પોલીસે તેને રોકી તલાશી લેતાં અંદરથી કોપર વાયર નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પોમાં સવાર અમદાવાદ ના દિપક ઈશ્વરજી ઠાકોર,વિશાલ રમેશભાઈ પટણી પાસે કોપરના જથ્થાનું બિલ સહિતના પુરાવા માંગતા તેઓએ પોલીસને યોગ્ય પ્રત્યુત્તર આપી શક્યા નહોતા. તેથી પોલીસે ચોરીના 2520 કિલો કોપર વાયર કપટથી મેળવ્યા હોવાની શંકાને આધારે બંને ઈસમોની કલમ 106 મુજબ બી.એન.એસ.એસ કલમ 35 (1) ઈ મુજબ ધડપકડ કરી 15 લાખ ઉપરાંતનો ભંગાર તેમજ બોલેરો પીક અપ કિંમત રૂપિયા બે લાખ મળી કુલ 17 લાખ 14 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ આરંભી હતી.

- બે દિવસમાંપોલીસે ત્રીજીવાર શંકાસ્પદ જથ્થો ઝડપી પાડ્યો

એસ.ઓ.જી પોલીસ ના સંયુક્ત ઉપક્રમે અંકલેશ્વર માં ઓ.1 ઓપરેશન ભંગાર માર્કેટ બે દિવસ કરાયું હતું જે અંતર્ગત પણ ટિમો દ્વારા ભંગાર માર્કેટ માં બે સ્થળે ની શંકાસ્પદ એમ.એસ. ધાતુનો 46.200 રૂપિયાનો જથ્થો ઝડપી પાડી એક ઈસમનીઅટક કરી હતી.

**DATE: 26/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# પ્રતિન ચોકડી વિસ્તારમાંથી ૯ જુગારીની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ મથકના પી.આઈ.વિ.કે.ભુતિયા ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે પ્રતિન ચોકડી વિસ્તારમાં સિલ્વર પ્લાઝા પાસે આવેલી ઝુપડપટ્ટી માં ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો છે.તેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા અને ચાર ફોન મળી કુલ 24 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**DATE: 26/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### શક્તિનગર ખાતે થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

# દાગીના સાથે 1.97 લાખની મતા માલિકને સુપરત કરાઈ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ગત 16 નવેમ્બર 2024 ના રોજ અંકલેશ્વર શક્તિ નગર ખાતે તસ્કરો એ લાખો રૂપિયાની મત્તા પર હાથફેરો કરી ફરાર થઈ ગયા હતા. જેનાગણતરી નાકલાકો માં અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા ચોરી નો ભેદ ઉકેલી નાખ્યો હતો.અને સુરત ના કીમ ના મુલદ ખાતે પહોંચી રાધેશ્યામ સોસાયટી ખાતે તેના ઘરમાંથીજ ઝડપી પાડ્યો હતો. પોલીસે રીઢા ચોર પાસે ની બાઈક તેમજ ચોરી ગયેલ દાગીના મળી 2.44 લાખ નો મુદ્દામાલ રિકવર કર્યા હતા. નંદુરબાર મહારાષ્ટ્ર ના રીઢા ચોર સામે 58 થી વધુ ગુણ મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન ખાતે દાખલ થયા છે. જેમાંપોલીસ દ્વારા ચાંદી ના કડા, ચાંદીનીચેઇન, સોનાની વીંટી નંગ 3, સોનાના પેન્ડલ, ચાંદીનીલકી, ચાંદીના નજરિયા, સોનાની ચેઇન અને મંગળસૂત્ર રિકવર કર્યું હતું. કુલ 1. 97.012 લાખ ના મુદ્દામાલ ને કોર્ટ ની મજૂરી મેલાઈ પોલીસ દ્વારા તેના મૂળ માલિક ને આજરોજ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પરત કરવામાં આવ્યા હતા. દાગીના પરત મળતા પરિવાર ના ચહેરા પર સ્મિત રેલાયું હતું.

**DATE: 26/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### હાથ પર લખેલા નંબરથી માતા-પિતા મળી આવ્યા

# પોલીસે દિવ્યાંગ બાળકનો પરિવાર સાથે મેળાપ કરાવ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

માનસિક દિવ્યાંગ બાળક નોજીઆઈડીસી પોલીસે પરિવાર સાથે મેળાપ કરાવી આપ્યો હતો. અંકલેશ્વર જીઆઈડીસીની પોલીસે હાથ પર લખેલા મોબાઈલ નંબરથી માતા-પિતા ને શોધી કાઢી તેમને બોલાવી પરત બાળક નેપરિવાર સાથે ભેટો કરાવીઆપતા ભાવાત્મક દ્રશ્યો સર્જાયા હતા.

અંકલેશ્વર જીઆઈડીસીપોલીસ સ્ટેશન ની ટીમે એક માનસિક દિવ્યાંગ બાળકને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું છે. પોલીસ ટીમ વાલીયા ચોકડી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન એક બાળક આમતેમ ફરતો જોવા મળ્યો હતો. એક જાગૃત નાગરિકે આ અંગે પોલીસનું ધ્યાન દોર્યું હતું. પોલીસે બાળકને નામ અને સરનામું પૂછ્યું, પરંતુ તે કશું જણાવી શક્યો નહીં. જો કે, તેના હાથ પર એક મોબાઈલ નંબર લખેલો હતો. પોલીસે આ નંબર પર સંપર્ક કર્યો ત્યારે જાણવા મળ્યું કે આ બાળક માનસિક રીતે અસ્થિર છે. તે સુરત શહેર થી કોઈક રીતે અંકલેશ્વર સુધી પહોંચી ગયો હતો.

**DATE: 26/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# સારંગપુરમાં જેની સામે સાંજે કેસ થયો એ જ વેપારી સવારે ગેસ રિફિલિંગ કરતા ઝડપાયો

**ભરૂચ** એસ.ઓ.જી.એ ગેસ રિફિલિંગ કેન્દ્ર ઝડપી પાડ્યું, 21 હજારથી વધુનો મુદ્દામાલ કબજે

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરના સારંગપુર ગામના લક્ષ્મણનગરમાં દરોડો પાડી એક ગેસ રિફિલિંગનું કૌભાંડ એસ.ઓ.જી. પોલીસે ઝડપી પાડ્યું હતું.

સારંગપુર ગામે લક્ષ્મણનગરમાં શાકમાર્કેટ પાસે રોશનલાલ ઉર્ફે મારવાડી મીઠાલાલ ખત્રી પોતાની દુકાનમાં ગેસની મોટી



બોટલમાંથી નાની બોટલોમાં ગેરકાયદે ટ્રાન્સફર કરી વેચાણ કરતો હોવાથી પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૧૫ કિલોની બોટલ નંગ-7 તથા ઈન્ડિયન કંપનીની 15 કિલોની બોટલ નંગ-1 તેમજ એચ.પી. કંપનીની 5 કિલોની બોટલ નંગ-4 તેમજ અલગ અલગ માર્કાવાળી પ્રાઈવેટ કંપનીની 5 કિલોની બોટલ નંગ-5 તેમજ લક્ષ્મી કંપનીની 5 સ્પોર્ટ્સ બોટલ નંગ-1 તેમજ રિફલિંગ કરવાની પાઈપ નંગ-1, ઈલેક્ટ્રિક વજન કાંટો નંગ-1 મળી તમામ કિં. રૂ.21,800નો મુદ્દામાલ જપ્ત કરી દુકાનદારની ધરપકડ કરી હતી. સૌથી ચોંકાવનારી હકીકત એ સામે આવી હતી કે, ભરૂચ એસ.ઓ.જી. પોલીસે સોમવારે સાંજે આ દુકાનદાર સામે ગુનો દર્જ કર્યો હતો અને મંગળવારે સવારે તે દુકાનમાં ગેસ બોટલ રિફિલિંગ કરતો નજરે પડ્યો હતો.

DATE: 27/02/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-04

# અંકલેશ્વરના પ્રતિન ઓવરબ્રિજ પાસે જુગાર રમતા ૯ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર, તા. ૨૬

**અંકલેશ્વરના પ્રતિન ઓવરબ્રિજ નજીક ઝૂંપડપટ્ટીમાં જુગાર રમતા ૯ જુગારીઓ ઝડપાયા પાડ્યા હતા.બી ડિવિઝન પોલીસે કુલ રૂ.૨૪,૫૪૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.**

## પોલીસે રૂ.૨૪ હજારનો મુદ્દામાલ કબજે લેવાયો

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે પ્રતીન ચોકડી પાસે આવેલા સિલ્વરપ્લાઝાની બાજુમા આવેલ ઝુપડપટ્ટીમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે રેઈડ કરી જુગારીને ઝડપી પાડ્યા હતા.પોલીસે તમામ પાસેથી અંગઝડતીના રૂ.૧૦,૩૦૦ તથા દાવ ઉપરના રોકડા રૂ.રૂ.૩૨૪૦ મળી કુલ રોકડા રૂ. ૧૩૫૪૦ તથા ચાર મોબાઈલ જેની કુલ રૂ. ૧૧૦૦૦ મળી કુલ રૂ.૨૪૫૪૦નો મુદ્દામાલ સાથે દિલાવર રુસ્તમ દિવાન, વિનોદ મોહન ચૌહાણ, ભરત કરશન બારીયા,બબલુ પાંડે શેખ, વિનોદ વેલજી જાવીયા,બાવકુ રતન બાબરીયા,વિષ્ણુ સમુ દંતાણી, જીવાસા મલંગસા દિવાન, રાહુલ મુન્ના પાલ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

DATE: 27/02/2025 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### કંપનીના ઇન્વેસ્ટિગેશન ઓફિસરે ચેકિંગ કર્યું

# જંબુસરમાં કંપનીના ડુપ્લિકેટ બૂટ વેચતાં ત્રણ સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

રાજસ્થાનના પડાસોલી ખાતે રહેતાં પ્રહલાદચંદ્ર નાયક હરિયાણાની બ્રાન્ડ પ્રોટેક્ટર્સ નામની કંપનીમાં ઈન્વેસ્ટિગેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપની મેલકોમ ઈન્ડિયા નામની કંપનીના ટાઈગર બ્રાન્ડના શૂઝનું ડુપ્લિકેટ વેચાણ કરનારાઓએ શોધી તેમની સામે કાર્યવાહી કરે છે. દરમિયાનમાં તેમણે તેમને મળેલી બાતમીના આધારે જંબુસર શહેરમાં ટાયગર નામના ડુપ્લિકેટ શૂઝનું વેચાણ કરતાં વેપારીઓને શોધવા અલગ અલગ બૂટના વેપારીને ત્યાં તપાસ કરી હતી. સારોદલાવા નામની દુકાન, જંબુસર ડેપો સર્કલ પાસે ફઝલ કોમ્પલેક્ષમાં અમુલ ટ્રેડર્સ, અને જંબુસર મેઈન બજારમાં આવેલી ડભોઈવાલા ફૂટવેરમાં તપાસ દરમિયાનમાં કુલ 18 જેટલાં બૂટ મળી આવ્યાં હતાં જેના પગલે તેમણે કુલ 8100ની મત્તાના કુલ 18 સેફ્ટી સૂઝ જપ્ત કરી જંબુસર પોલીસ મથકે ત્રણેય દુકાનદારો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 27/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરના પ્રતિન ઓવરબ્રિજ પાસે જુગાર રમતા ૯ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર, તા. ૨૬

**અંકલેશ્વરના પ્રતિન ઓવરબ્રિજ નજીક ઝૂંપડપટ્ટીમાં જુગાર રમતા ૯ જુગારીઓ ઝડપાયા પાડ્યા હતા.બી ડિવિઝન પોલીસે કુલ રૂ.૨૪,૫૪૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.**

## પોલીસે રૂ.૨૪ હજારનો મુદ્દામાલ કબજે લેવાયો

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે પ્રતીન ચોકડી પાસે આવેલા સિલ્વરપ્લાઝાની બાજુમા આવેલ ઝુપડપટ્ટીમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે રેઈડ કરી જુગારીને ઝડપી પાડ્યા હતા.પોલીસે તમામ પાસેથી અંગઝડતીના રૂ.૧૦,૩૦૦ તથા દાવ ઉપરના રોકડા રૂ.રૂ.૩૨૪૦ મળી કુલ રોકડા રૂ. ૧૩૫૪૦ તથા ચાર મોબાઈલ જેની કુલ રૂ. ૧૧૦૦૦ મળી કુલ રૂ.૨૪૫૪૦નો મુદ્દામાલ સાથે દિલાવર રુસ્તમ દિવાન, વિનોદ મોહન ચૌહાણ, ભરત કરશન બારીયા,બબલુ પાંડે શેખ, વિનોદ વેલજી જાવીયા,બાવકુ રતન બાબરીયા,વિષ્ણુ સમુ દંતાણી, જીવાસા મલંગસા દિવાન, રાહુલ મુન્ના પાલ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 27/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કંપનીના ઇન્વેસ્ટિગેશન ઓફિસરે ચેકિંગ કર્યું

# જંબુસરમાં કંપનીના ડુપ્લિકેટ બૂટ વેચતાં ત્રણ સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

રાજસ્થાનના પડાસોલી ખાતે રહેતાં પ્રહલાદચંદ્ર નાયક હરિયાણાની બ્રાન્ડ પ્રોટેક્ટર્સ નામની કંપનીમાં ઈન્વેસ્ટિગેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપની મેલકોમ ઈન્ડિયા નામની કંપનીના ટાઈગર બ્રાન્ડના શૂઝનું ડુપ્લિકેટ વેચાણ કરનારાઓએ શોધી તેમની સામે કાર્યવાહી કરે છે. દરમિયાનમાં તેમણે તેમને મળેલી બાતમીના આધારે જંબુસર શહેરમાં ટાયગર નામના ડુપ્લિકેટ શૂઝનું વેચાણ કરતાં વેપારીઓને શોધવા અલગ અલગ બૂટના વેપારીને ત્યાં તપાસ કરી હતી. સારોદલાવા નામની દુકાન, જંબુસર ડેપો સર્કલ પાસે ફઝલ કોમ્પલેક્ષમાં અમુલ ટ્રેડર્સ, અને જંબુસર મેઈન બજારમાં આવેલી ડભોઈવાલા ફૂટવેરમાં તપાસ દરમિયાનમાં કુલ 18 જેટલાં બૂટ મળી આવ્યાં હતાં જેના પગલે તેમણે કુલ 8100ની મત્તાના કુલ 18 સેફ્ટી સૂઝ જપ્ત કરી જંબુસર પોલીસ મથકે ત્રણેય દુકાનદારો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 01/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વરના કસાઈવાડમાંથી ગૌ વંશ સાથે ખાટકીની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે કસાઈવાડમાં ગૌવંશ સાથે એક ખાટકીને ઝડપી પાડ્યો હતો જયારે અન્ય બેને વોન્ટેડ જાહેર કર્યો હતો

અંકલેશ્વરના કસાઈવાડમાં રહેતો કદીર અલ્લારખા કુરેશી અને સાહિદ ઉર્ફે તાઉ રસીદ કુરેશી કસાઈવાડ ખાતે માર્કેટમાં થી વ્હીલ ટેમ્પોમાં ગૌ હત્યા કરવા ગૌવંશ ભરી લાવેલ છે.અને હાલ ઉતારી રહ્યા છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસના દરોડાને પગલે કદીર અલ્લારખા કુરેશી અને સાહિદ ઉર્ફે તાઉ રસીદ કુરેશી ગલી કુદી ફરાર થઈ ગયા હતા જયારે પોલીસે સ્થળ પરથી કસાઈવાડ ફરીદ બેકરી પાસે રહેતો અતીક એહમદ કુરેશીને ઝડપી પાડ્યો હતો.પોલીસે ૧૦ હજારની એક ગાય અને ટેમ્પો મળી કુલ ૬૦ હજારથી વધુનો મુદ્દામાલ કબજેકર્યો હતો.

**DATE: 01/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### એક આરોપીને વૉન્ટેડ જાહેર કરાયો

# પાનોલીના ઘરફોડ ચોરીના બનાવમાં સંડોવાયેલા ત્રણ આરોપી ઝડપાયા

## ક્રાઈમ બ્રાન્ચ પોલીસે રૂા.૧.૮૩ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો

અંકલેશ્વર : બાકરોલ ગામમાં થયેલ ચોરી ના આરોપીઓને બાતમીના આધારે ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝડપી લઈ રૂ.૧.૮૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એમ.પી. વાળા તેમજ આર. કે. તોરાણી સહિતની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં, તે દરમિયાન બાતમી મળેલ કે વાલિયા ચોકડી ખાતે અગાઉ મકાનમાં ઘરફોડ ચોરીના આરોપીઓને બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી લઈ પૂછપરછ કરતા ઉમેદ દયાળ બગડીયા ચેતન વનકેસર નિજમાં (ચોરીનો માલ લેનાર), અનિલ વીરજી માળી (ચોરીનો માલ લેનાર) એ અંકલેશ્વરમાં વાસ્તુ વિલાસ સોસાયટીમાં મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ ચોરી કરેલી જે આરોપી ભાગેડું રવિ ઈન્દ્રસિંહ રાજને આપેલ હોય તેમ જ ભરૂચમાં



પાંચબત્તી પાસે કેસર નીજમને રોકડા રૂા.૨૫૦૦૦ આપેલ હોય તેમ જ અન્ય દાગીના ઝાડેશ્વર ગાયત્રી એસ્ટેટમાં આવેલ કેસર જ્વેલર્સમાં અનિલ વીરજી માળીને રૂા.૨૨,૦૦૦ માં વેચાણ કર્યો હોવાનું જણાવેલ, પોલીસે ચોરીના રૂા.૧,૧૫,૦૩૯ના દાગીના મળી કુલ રૂા.૧,૮૩,૦૩૯ નો મુદ્દામાલ કબજે લઈ તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે તેમજ આ કેસમાં (૪) રવિ ઈન્દ્રસિંહ રાજ વોન્ટેડ હોઈ ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 01/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# બાકરોલમાં ચોરીનો ભેદ ઉકેલાયો: આરોપી સહિત ચોરીનું સોનું લેનાર ઝડપાયા

**પોલીસે** સોના-ચાંદીના દાગીનાનો રૂ.1.15 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર, ભરૂચ: પાનોલી વિસ્તારમાં બાકરોલ ગામની વાસ્તુવીલા સોસાયટીમાં થયેલી ઘરફોડ ચોરીમાં ગયેલા સોનાના દાગીના મળી કુલ કિ.રૂ.1,83,039ની મતાના મુદ્દામાલ સાથે ત્રણ આરોપી ભરૂચ ક્રાઇમ બ્રાન્ચના હાથે ઝડપાઈ ગયા હતા.

ભરૂચ એલ.સી.બી.ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન વાલિયા ચોકડી ખાતે અગાઉ ઘરફોડ ચોરીમાં પકડાયેલા આરોપી ઉમેશ દયાળભાઇ બગડિયાને મોટરસાઈકલ નં.(જીજે-16-સીએલ-6503) તથા બે મોબાઇલ સાથે શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે, ગત તા.19/2/2025ના રોજ તેણે સવારના આશરે સાડા દસેક વાગ્યાના અરસામાં બાકરોલ ગામમાં વાસ્તુવીલા સોસાયટીમાં એક મકાનમાં રાખેલા કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડાની ચોરી કરી હતી અને આ દાગીના તેના મિત્ર રવિ ઇન્દ્રસિંહ રાજ (રહે.,રામશીલા શુક્લતીર્થ) સાથે મળી ભરૂચ પાંચબત્તી સાંઇ મેડિકલ પર ચેતન વનકેશર નિઝામાને રોકડા રૂ.25,000માં તથા બીજા દાગીના ભરૂચ ઝાડેશ્વર ગાયત્રી એસ્ટેટમાં આવેલા કેસર જ્વેલર્સમાં અનિલ વીરાજી માળીને રોકડા રૂ.22,000માં વેચી દીધા હતા.

પોલીસે આ ઘરફોડ ચોરીનો માલ લેનાર ઇસમ ચેતન વનકેશર નિઝામા (રહે.,ડોડિયા ખડકી, શુક્લતીર્થ) તથા અનિલ વીરાજી માળી (રહે.,૨૯, શિવશક્તિ નગર સોસાયટી, ઝાડેશ્વર)ની અટકાયત કરી તેઓ પાસેથી ચોરીના અલગ અલગ દાગીના વજન આશરે 16,430 કિ.રૂ.1,15,039 મતાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તથા આરોપી ઉમેશ બગડિયા પાસેથી ચોરીમાં ગયેલો મોબાઇલ નંગ-1 કિ.રૂ.10,000 તથા ચોરી કરવામાં વાપરેલી મોટરસાઈકલ રૂ. 30,000 મળી કુલ રૂ.1,83,039ની મતાનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે તેના એક સાગરિત રવિ ઇન્દ્રસિંહ રાજ (રહે.,રામશીલા શુક્લતીર્થ)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

DATE: 02/03/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# અંકલેશ્વરની પોદાર જમ્બો કિડ્સનાં બાળકોએ એ ડિવિઝન પોલીસમથકની મુલાકાત લીધી

અંકલેશ્વર: બાળકો પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, શિસ્ત અને ટીમ વર્કમાં અગ્રેસર રહે એ માટે પોદાર જમ્બો કિડ્સનાં સિનિયર કિન્ડર ગાર્ટનનાં બાળકો માટે ફિલ્ડ ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું. પોદાર જમ્બો કિડ્સ અંકલેશ્વર દ્વારા ફિલ્ડ ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી હતી. મુલાકાત દરમિયાન પી.આઈ પી.જી.ચાવડા તેમજ સ્ટાફને શિસ્ત, ટીમ વર્ક, પ્રદૂષણ મુક્ત શહેર બનાવવા અને પર્યાવરણની સલામતીના મહત્ત્વ અને નિર્ધારિત વિસ્તારમાં પ્રદૂષણ વિશે માહિતી આપતો મોડલ બનાવી તેને અભિવ્યક્ત કર્યો હતો.

# ગુંદિયા ગામે જુગાર રમતા 7 ઝબ્બે

ભરૂચ | વાલિયા પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગુંદિયા ગામે બંગલ ફળિયામાં નારીયેળીવાળા ખેતરમાં એક આંબાના ઝાડ નીચે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે સ્થળ પરથી 7 જણાને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે બે નાસી છુટ્યાં હતાં. જુગારિયાઓ પાસેથી પોલીસે રોકડા રૂપિયા, બે બાઈક તેમજ ત્રણ મોબાઈલ મળી કુલ 72 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ જુગારિયાઓ વિરૂદ્ધ ગુનો નોંધી ફરાર આરોપીઓને શોધવાની કવાયત વાલિયા પોલીસે હાથ ધરી છે.

**DATE: 02/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરમાં અન્ય એક છાત્રા બેશુદ્ધ બની જતાં સારવાર માટે ખસેડવામાં આવી

# પગમાં ફ્રેક્ચરવાળા પરીક્ષાર્થીને હોમગાર્ડે ઉંચકીને તેના વર્ગખંડમાં પહોંચાડી દીધો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં એચએસસી બોર્ડ માં પગમાં ફ્રેક્ચર સાથે આવેલા વિદ્યાર્થીનેપોલીસે ઉપાડી વર્ગખંડ માં પહોંચાડ્યો હતો. ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ તરફથી ધોરણ-10 અને 12ની પરીક્ષા લેવામાં આવી રહી છે. શનિવારે અંકલેશ્વરની એક શાળામાં પરીક્ષા આપવા માટે આવેલી છાત્રા બેશુધ્ધ થઈ જતાં તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી. એમટીએમ સ્કૂલના પરીક્ષા કેન્દ્ર ખાતે આ ઘટના બની હતી. અંકલેશ્વરની જ આર્દશ સ્કૂલમાં પોલીસ પ્રજાનો મિત્ર હોવાની પ્રતિતી વાલીઓને થઈ હતી. ધોરણ 12 માં અભ્યાસ કરતા સુદાનસુ વસાવા ને પગમાંફ્રેક્ચર સાથે પરીક્ષા આપવા આવ્યો હતો. જો કે પરીક્ષા વર્ગ ખંડપહેલા માળે હોય તેને ચઢવા માં તકલીફ થઈ રહી હતી. ફરજ પર નાહોમગાર્ડ જવાનમુકેશ નાઈ ત્વરિત વિદ્યાર્થી પાસે પહોંચી ગયા હતા અને તેને ઉપાડી ને ઉપર સુધી વર્ગખંડ માં લઈ ગયા હતા. જે બાદ પરીક્ષા પૂર્ણ થતા જ પુનઃ ઉપર થી તેને નીચે લઈ આવી તેના પરિવાર ના સભ્યોસુધી પહોંચાડ્યો હતો.



ફરજ પર ના હોમગાર્ડ જવાન ત્વરિત વિદ્યાર્થી પાસે પહોંચી ગયા.

### પોલીસ જમાદારની યોગ્ય સમય સૂચકતાના કારણે નુકસાની થતાં બચી ગઇ

# વાગરામાં સળગતી બીડી નાખતાં કચરાના ઢગલામાં આગ, 22 બાઈક સ્વાહા થતાં બચી

ભાસ્કર ન્યૂઝ | વાગરા

વાગરા ગ્રામ પંચાયત પાસે કચરાના ઢગલામાં શનિવારે મળસ્કે આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. પોલીસ જમાદારે સમય સુચકતા વાપરી માણસો બોલાવી પાણીનો છંટકાવ કરતાં આગ કાબુમાં આવી હતી જેના લીધે આસપાસ પડેલી 22 જેટલી બાઈક અને કેબિન સળગતા બચી ગઈ હતી.

વાગરામાં આવેલ ગ્રામ પંચાયત નજીક શનિવાર ના રોજ વહેલી સવારે 5.30 વાગ્યે કેબીનો નજીક કોઈક ઈસમે બીડી સળગાવી કચરાના ઢગલામાં સળગતી બીડી નાખી દેતાં ધીરે ધીરે આગ લાગી હતી. આગ ફેલાવા લાગતાં વાગરા ટાઉનમાં ફરજ બજાવતાં જમાદાર રણજીતસિંહે નજીકમાં રહેતાં શ્રમજીવીઓને બોલાવી પાણીનો છંટકાવ શરૂ કરાવ્યો હતો. આગ લાગી તે સમયે કેબિનો તથા રીપેરિંગ માટે આવેલી 22 જેટલી બાઈકો પાર્ક કરેલી હતી. સદનસીબે પોલીસ જમાદારની સમય સૂચકતાથી આગ પર કાબૂ મેળવી લેવાતા મોટી જાનહાનિ થતાં અટકી હતી.



ઢગલામાં સળગતી બીડી નાખી દેતાં ધીરે ધીરે આગ લાગી.

**DATE: 02/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### ઝઘડિયાના તમામ પોલીસ મથકના સંપર્ક નંબરો જાહેર કરાયાં

# પરિક્ષા કેન્દ્ર ખાતે સમયસર પહોંચી ન શકનારા છાત્રોને પોલીસ મદદ કરશે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

હાલમાં ધો.10 અને ધો.12 ની બોર્ડ પરિક્ષાનો ગતરોજ તા.27 મી ફેબ્રુઆરીથી પ્રારંભ થયો છે. ધો.10 અને 12 ની બોર્ડ પરિક્ષાનું વિધ્યાર્થી જીવનમાં મોટું મહત્વ છે. બોર્ડની પરિક્ષાના પરિણામ બાદ વિધ્યાર્થીઓને આગળ કયા શૈક્ષણિક ક્ષેત્રોમાં જવું તેને લગતા વિકલ્પ મળતા હોય છે. પરિક્ષા આપવા ઘેરથી નીકળેલ વિધ્યાર્થી કેટલીકવાર ટ્રાફિકમાં ફસાઈને કે અન્ય આકસ્મિક કારણોસર પરિક્ષા સ્થળે સમયસર પહોંચી શકવાની સ્થિતિમાં ન હોય ત્યારે વિધ્યાર્થી ટેન્શનમાં આવી જતો હોય છે. આવા સંજોગોમાં ઝઘડિયા તાલુકાના વિધ્યાર્થીઓને મદદરૂપ થઈ શકવાના હેતુથી ઝઘડિયા તાલુકાના ચાર પોલીસ મથકો ઝઘડિયા, ઝઘડિયા જીઆઈડીસી,રાજપારડી અને ઉમલ્લા પોલીસ દ્વારા હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે,જેમાં ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથક 02645 226400 અને મોબાઈલ નંબર 63596 26683 , ઝઘડિયા પોલીસ મથક વિસ્તારમાં 02645 220033 અને મોબાઈલ નંબર 63596 26609 , રાજપારડી પોલીસ મથક વિસ્તારમાં 02645 240133 અને મોબાઈલ નંબર 63596 26618 તેમજ ઉમલ્લા પોલીસ મથક વિસ્તારમાં 02645 234330 અને મોબાઈલ નંબર 63596 26673 નંબરો પર વિદ્યાર્થી કોલ કરીને પોલીસ વિભાગની મદદ મેળવી શકાશે.

**DATE: 02/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### અંકલેશ્વરના NH ૪૮ પર બાકરોલ બ્રિજ નીચેથી

# રાસાયણિક કચરો ભરેલા ટેમ્પા સાથે એક આરોપીની ધરપકડ

## ભરૂચ એસ.ઓ.જી.ના સ્ટાફે રૂા.૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

। અંકલેશ્વર ।

ભરૂચ એસ.ઓ.જી.નો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે આઈસર ટેમ્પોમાં ભૂરા કલરનું હેઝાર્ડસ વેસ્ટ ભરી અંકલેશ્વરથી કોસંબા તરફ ચાલક જનાર છે.

ભરૂચ એસ.ઓ.જીએ અંકલેશ્વરના બાકરોલ બ્રિજ પાસેથી હેઝાર્ડસ વેસ્ટ ભરેલ ટેમ્પો સાથે એક ઈસમને ૩.૨૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. ભરૂચ એસ.ઓ.જી.એ સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે આઈસર ટેમ્પોમાં ભૂરા કલરનું હેઝાર્ડસ વેસ્ટ ભરી અંકલેશ્વરથી કોસંબા તરફ ચાલક જનાર છે.જેવી બાતમીના આધારે પોલીસે બાકરોલ બ્રિજ પાસે વોચ ગોઠવી હતી.

પોલીસે બાતમી વાળો ટેમ્પો આવતા તેને અટકાવી તેમાં તપાસ કરતા ૩૭૨૦ કિલોગ્રામ હેઝાર્ડસ વેસ્ટનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે ચાલકની પૂછપરછ કરતા તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે નોબેલ માર્કેટમાં રહેતો પીર મહમંદ ઈદ્રિશ શાહને ઝડપી પાડી કુલ ૩.૨૩ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અને વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલેખનીય છે કે તાજેતરમાં જ અંકલેશ્વરના બાકરોલ ગામ નજીકની ઉકાઈ જમણાકાંઠા કેનાલમાં જોખમી રસાયણ યુક્ત પ્રવાહી ઠાલવી દેવામાં આવ્યું હતું જેના કારણે એક લાખ લોકોના જીવ પર જોખમ ઊભું થયું હતું આ મામલામાં પોલીસે પાંચ આરોપીઓની પણ ધરપકડ કરી હતી ત્યારે કેમિકલ માફિયા વિરુદ્ધ પોલીસ દ્વારા હવે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

**DATE: 02/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભારે વાહનોની અવરજવર બંધ રહેતાં શહેરીજનોને રાહત સાંપડી

# પ્રથમ દિવસે તો પોલીસે વાહનચાલકોને પાછા વાળ્યાં, હવે પછી દંડનીય કાર્યવાહી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ



ભરૂચની નર્મદા ચોકડીથી ભારદારી વાહનોને ડાયવર્ટ કરાયાં હતાં

ભરૂચમાં બોર્ડની પરીક્ષાને ધ્યાને રાખી કલેક્ટર ગૌરાંગ મકવાણાએ દહેજ બાયપાસ રોડ પર નર્મદા ચોકડીથી દહેગામ ચોકડી સુધી ભારદારી વાહનો પર પ્રતિબંધ મુકી દીધો છે. શનિવારથી અમલમાં આવેલાં જાહેરનામાના પ્રથમ દિવસે પોલીસે વાહનચાલકોને સમજાવી પાછા વાળ્યાં હતાં. હવે પછી જાહેરનામાનો ભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરા શે.

દહેજ, વાગરા અને વિલાયતમાં 2 હજાર કરતાં વધારે કંપનીઓ ધમધમી રહી હોવાથી કર્મચારીઓ તથા માલસામાનની હેરાફેરી કરતાં વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. દહેજ બાયપાસ રોડ પરથી રોજના સરેરાશ 20 હજાર કરતાં વધારે વાહનો પસાર થતાં હોવાથી ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. ગુરૂવારથી બોર્ડની પરીક્ષાઓ પણ શરૂ થઇ જતાં વિદ્યાર્થીઓ ટ્રાફિકમાં ફસાયા વિના સરળતાથી પરીક્ષા કેન્દ્રો ખાતે પહોંચી શકે તે માટે નર્મદા ચોકડીથી દહેગામ ચોકડી સુધીના માર્ગ પર ભારદારી વાહનો પર પ્રતિબંધ ફરમાવી દેવાયો છે. દહેજ અને ભરૂચ તરફથી આવતાં વાહનો માટે 3 ડાયવર્ઝન રૂટ અને કંપનીના કર્મચારીઓને લઈ જતી લકઝરી બસો માટે 7 પીકઅપ પોઈન્ટ ઉભા કર્યાં છે. શનિવારે પ્રથમ દિવસે વિવિધ પોઈન્ટ પર પોલીસ ખડકી દેવામાં આવી હતી. નર્મદા ચોકડી તથા દહેગામ ચોકડીએથી વાહનોને ડાયવર્ઝન રૂટ પર વાળી દેવામાં આવ્યાં હતાં. પ્રથમ દિવસે નબીપુર ચોકડી પર લગભગ 2 કિલોમીટર સુધી વાહનોની કતારો જોવા મળી હતી. બન્ને ચોકડી પર પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો છે. આવશ્યક ચીજવસ્તુઓના પરિવહન માટેના ભારે વાહનોને વિશેષ છૂટ આપવામાં આવી છે.

## ચોકડીઓ તથા કટ પર પોલીસ પોઈન્ટ ઉભા કરાયાં છે

જાહેરનામાના પ્રથમ દિવસે વાહનચાલકોને સમજાવી ડાયવર્ઝન રૂટની માહિતી આપવામાં આવી છે. ડાયવર્ઝન રૂટ પર તથા વિવિધ ચોકડીઓ અને કટ પર પોલીસ પોઈન્ટ ઉભા કર્યાં છે. વાહનચાલકોનો પણ સારો સહયોગ મળ્યો છે. » ભાવના મહેરીયા, પીઆઈ, જિલ્લા ટ્રાફિક